| **શ્રીમતી કલ્પના રાજેન્દ્ર લોડાયા** (મોટી ખાવડી) | ૧ | **માતુશ્રી કાંતાબેન કુમારપાળ કાનજી મોમાયા** (વરાડીયા) | ૧ |

**તપસ્વીશ્રીઓ, આપશ્રીઓના ઈક્ષુરસ પારણા નિર્વિઘ્ને પૂર્ણ થયેલ હશે. ખૂબ ખૂબ અનુમોદના.**

આનાફોડના સૌ સહયોગીઓનો ખૂબ ખૂબ 'આભાર'. આપશ્રીની રકમ જમા કરાવી દીધી હશે, આભાર અને જો બાકી હોય તો.... **SHRI AKHIL BHARAT ACHALGARCHH VIDHIPAX JAIN SANGH • Bank Of India Mandvi :** SB A/c 003210100000553 • CD A/c 003220110001563 • IFC Code : BKID0000032 માં ડાયરેક્ટ ભરી, સ્લીપ અમને ઈમેલ કે વૉટસએપ કરશો અથવા રોકડા, ચેક, DD, પે ઑર્ડર ઉપરોક્ત સરનામે મોકલી ઉપકૃત કરશોજી. સંપર્ક : **શ્રી ચીમન મોતા – 09322220708 ● શ્રી પ્રવીણ લોડાયા – 09892486591 ● શ્રી શામજીભાઈ દંડ – 09821227778**

## શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર (સાંયરા) મુંબઈ મધે સાતમી સમુહ પહેડી

શ્રી મોમાઈ માતાજીની અસિમ કૃપાથી અને ભોઈમા જયાબાઈ નવિનચંદ મોમાયાના અવિરત આશિર્વાદથી રવિવાર તા. ૧૬/૪/૨૦૧૭ ના શુભ દિવસે શ્રી મોમાઈ માતાની સાતમી સમુહ પહેડી જૉલી જીમખાના, વિદ્યાવિહાર (વે) મુંબઈ મધે લાભાર્થી દાતા માતુશ્રી ચંદનબાઈ વિશનજી દેવરાજ મોમાયા (પટેલ) પરિવાર (સાંયરા-ઘાટકોપર)ના અમુલ્ય યોગદાનથી, ૫૭૫થી વધુ ભાવિકો, નિયાણી બહેનો એવમ્ આમંત્રિત મહેમાનોની હાજરીમાં ખુબજ ધામધુમથી ઉજવાયેલ. પહેડીની શુભ શરૂઆત શ્રી ગણેશજીની સ્થાપના અને વિધિવિધાન થી કરી. ગીતા ધરોડ એન્ડ પાર્ટીએ સુમધુર ગીતોથી સૌને મંત્ર મુગ્ધ કર્યા. સાથે ગરબારાસની રમઝટ બોલાવી. જૈન સાગર કેટરર્સવાળાએ મહા પહેડી પ્રસાદથી સૌને રસતરબોળ કર્યા.

પહેડીમાં આમંત્રણને માન આપી શ્રી હીરાલાલ ડાઘા, નયન ભેદા, પ્રવિણ લોડાયા, જયેશ જૈન, હીતેન ધરમશી, ધરમશી પરિવારના ભોઈમા તેજલબેન ધરમશી, મણીકાંતભાઈ લોડાયા, તરૂણભાઈ લોડાયા, ચેતન મોતા, ગુલાબ ધરમશી, વિણા નાગડા, કિરણ દંડ, ચાંદની લાલકા, લહેરચંદ મૈશેરી, હરીશ શિયાડ, વિરેન્દ્ર લોડાયા, સાંયરા મહાજન, સાંયરા સેનાટે સાથે અન્ય મહાનુભાવો પધારી શોભામાં અભિવૃદ્ધિ કરેલ.

વિશેષ આકર્ષણ રૂપે શ્રી ઉત્તમભાઈ મોમાયા લિખીત ''માતૃવંદના'' (શ્રી મોમાઈ માતાજીના જુહાર અને ગરબાવલી નો સમાવેશ છે) પુસ્તીકા નું વિમોચન ભોઈમા જયાબાઈના હસ્તે કર્યું.

શ્રી મોમાઈ માતાજીને ચુંદડી ચડાવવાના લાભાર્થી માતુશ્રી જયાબેન મધુકર મોમાયા પરિવાર (ભાંડુપ), ફુલહાર ચડાવવાના લાભાર્થી માતુશ્રી ધનબાઈ શામજી વિરજી ખોના પરિવાર (ઘાટકોપર), છત્ર ચડાવવાના એક સદ્‌ગૃહસ્થ તરફથી, શ્રી રામાપીરની આરતીના લાભાર્થી શ્રી વિશનજી દેવરાજ પટેલ પરિવાર (ઘાટકોપર) રહેલ. સૌએ નાના મોટા લાભો તન મન ધન થી લીધેલ. આઠમી સમુહ પહેડીના (૨૦૧૮) લાભાર્થી દાતા શ્રી ડોસાભાઈ ખીમજી મોમાયા પરિવાર (બારોઈ-નાસિક) એવમ્ શ્રી કુંવરજી વેરશી મોમાયા પરિવાર (બારોઈ-જલગામ), નવમી સમુહ પહેડી (૨૦૧૯)ના લાભાર્થી દાતા શ્રી મેઘણ પરિવાર (સાંયરા) એવમ્ માતુશ્રી જયાબેન મધુકર મોમાયા પરિવાર (સાંયરા-ભાંડુપ) દસમી સમુહ પહેડી (૨૦૨૦)ના લાભાર્થી દાતા શ્રી વિશનજી દેવરાજ મોમાયા (પટેલ) પરિવાર (સાંયરા-મુંબઈ) હસ્તે શ્રી દામજી વિશનજી પટેલ પરિવાર તથા શ્રી ચંદ્રકાંત વિશનજી પટેલ પરિવારના નામ જાહેર થતા સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.

હૈદ્રાબાદ, ચેન્નઈ, જલગામ, ધુલિયા, નાસિક, પુના, નાંદેડ, કચ્છ, રાજકોટ, જામનગર, અમદાવાદ, ભાવનગર, વડોદરા, ગાંધીધામ, સેદાપુર, રાયચૂર, ઈન્દોર વગેરે ગામે ગામ થી લોકો પધારેલ. કાર્યક્રમનું સંચાલન રાજુલબેન પટેલ, ભદ્રેશ પટેલ અને ઉત્તમભાઈ મોમાયાએ કરેલ. પહેડીને સુંદર અને યાદગાર બનાવવા કાર્યકર્તાઓની અથાગ મહેનત હતી. **જય માતાજી**

# સાસુ 'રીચાર્જ' થાય છે

- અરુણા જાડેજા



આ વખતે તો અંજુબેન ખાસ્સા લાંબા ગાળે અમેરિકાથી પાછાં ફર્યાં હતાં. તેમના માનમાં ચોથા બંગલાવાળાં માલાબેને સોસાયટીની બહેનોને ચા-પાણી માટે તેડાવી હતી. નાનાં-મોટાં, સાસુ-વહુ સહુ હતાં. બધાં સરખે સરખાં પોતપોતાનું ટોળું જમાવીને બેસી ગયાં હતાં. ગુજરાતી પૂરેપૂરું બોલતાં આવડતું હોવા છતાં સાસુઓને પછાતમાં ખપાવવા કે પોતાનો રૂઆબ છાંટવા બેચાર વહુઓ સાચુંખોટું અંગ્રેજી ફટ ફટ ફાડી રહી હતી, ફેશનની ફિસિયારી મારી રહી હતી.

આ બધામાં સહુથી મોટાં હતાં કાંતાબેન. સાંઠની નજીક પહોંચેલા. સાવ સીધાં સાદાં. ચંબુડી જેવડી વાળની અંબોડી, ખાસ બોલે ચાલે નહિ. મોં પર એક નિશ્ચલ શાંતિ. કાન પર આવતી જતી વાતો સાંભળીને ક્યારેક ક્યારેક હોઠને ખૂણેથી મલકી લે એટલું જ. ખાલી ચણાની જેમ ઊછળી ઊછળીને કાંતાબેનની મોટી વહુ મોના - પોલો ઢોલ વગાડી રહી હતી. સ્વિમિંગ અને ડ્રાઈવીંગની વાતો હાંકી રહી હતી. બેઠાં બેઠાં બધો તાલ જોઈ રહેલાં અંજુબેને લાગ જોઈને વજનદાર અવાજે મણનો મમરો બાંધીની સામે મૂક્યો.

'તમને બધાંને ખબર છે ? આપણી સોસાયટીમાં સૌથી પહેલું 'ડ્રાઈવીંગ' કોણ શીખ્યું હતું ?'

'કોણ ?' બધાની આંખોમાં કુતૂહલ હતું.

'આ, આપણાં કાંતાબેન 'ધ ગ્રેટ' !'

'હેં!!!' ફટાકડી વહુઓની હવા ફસ્સ દેતીક નીકળી ગઈ. 'હોય નહિ.' એવી કાળી શાહી કાંતાબેનની નાની વહુ બીનાના મુખ પર ઢોળાઈ ગઈ. જાણે સાસુને પૂછતી હોય, 'હેં મમ્મીજી ?' કરતાંક બીનાએ પોતાનું મોં કાંતાબેન તરફ ફેરવ્યું. ખચકાતાં ખચકાતાં કાંતાબેને હકારમાં ડોકી હલાવી અને એક જોરદાર ઝાટકો વાગવાથી બીનાનું મોઢું એવું તો મરડાયું કે એની ડોકી લટકી પડી.

ચકોર અંજુબેન હવે કંઈક વિફર્યા : 'શું કાંતાબેન તમેય ? આજસુધી તમારી વહુઓને તમારા વિષે કાંઈ જ ખબર નથી ?'

'મોટી મોના તો બધું જાણે છે.' સહેજ ગભરાતાં ગભરાતાં કાંતાબેને ખુલાસો કર્યો.

'તો મોનાએ બીનાને કશું જ કહ્યું નહિ હોય તમારા માટે ?' કોકે વચમાં જ પૂછ્યું.

અંજુબેન વિચારે ચઢ્યાં કે વહુઓ તો વહુઓ પણ બેમાંથી એકેય દીકરાએ પોતાની મમ્મીની ઓળખાણ કરાવી નહિ હોય ? અને એથી વધીને જોઈએ તો દીકરાઓના પપ્પાને કાંતાબેનની કર્તૃત્વશક્તિનો પરિચય નવી આવનાર વહુઓને કરાવવો જરૂરી નહિ લાગ્યો હોય ? કે પછી, ઠીક છે મારા ભાઈ, ગૃહિણીને એટલું તે શું મહત્વ આપવું, એ સનાતન ભાવના રહી હશે ? ગમે તેમ પણ કાંતાબેન એક બાજુએ ધકેલાઈ રહ્યાં હતાં.

એમ તો અહીં પણ ગર્ભશ્રીમંતાઈ હતી પણ મોટી મોનાને એના પિયરનું કાંઈ વધારે પડતું જ ગુમાન હતું. એવી તો રોફીલી નીકળી કે આવતાની વારમાં

*ચાલ પ્રિયે ! આજ એને ગમતું ગાઈએ...*
*પોતાને છોડીને થોડા હળવા ફૂલ તો થઈએ... !*

જ લખેશરીની જેમ બધાં પર રોફ જમાવી દીધો. નાની બીના ખાસ ભણેલી નહિ પણ ભણેશરીનો વહેમ રાખી જેઠાણીના પગલે પગલાં માંડવા લાગી. શાણાં કાંતાબેને સમજી વિચારીને પોતાની ઊંચી પદવીઓ ભેગું પોતના શાણપણનું પણ પોટલું વાળીને ઊંચે અભરાઈએ ચઢાવી દીધું. માંડેલો સંસાર વીંખાઈ ન જાય તે માટે ચૂપચાપ તમાશો જોયા કરતાં અને આ માતાજીઓથી કાંતાબેન બને તેટલું દૂર રહેતાં. બાકી એમના હાથ અને હલક તો એવાં મીઠાં કે એમનાં ભોજન અને ભજન બંને રસનીતરતાં રહેતાં. પણ સાસુને કોઈ વાતે વિસાતમાં ન ગણતી અને વાતે વાતે તુચ્છતાથી જોતી આ બંને વહુઓનાં દોઢડહાપણ સામે કોઠાડાહ્યાં કાંતાબેને જાણે પોતાની કાયા જ સંકેલી લીધી. આ વહુઓને એમના પિયરથી આવેલી કોઈ પણ વસ્તુ જાણે મોંઘામસ ડીપાર્ટમેન્ટલ સ્ટોરમાંથી આવેલી લાગતી અને કેટકેટલી હોંશે કરેલી કાંતાબેનની ખરીદી ગુજરીમાંથી આવી હોય તેમ હડસેલી કાઢતાં. એમ તો પાછાં કાંતાબેને બનાવેલા મેવા-મીઠાઈ-ફરસાણ પાછલે બારણે ગૂપચૂપ દબાવતાં તો જાય પણ પલ્લુ તો પિયરનું ઊંચું રાખતાં ફરે. વેઠવૈતરાં કર્યે જતાં કાંતાબેને પોતાની જાત અને પોતાની વાત - બધું જ એક કોરે મૂકી દીધું. જાણે અજાણે એક અણઘડ સ્ત્રીની મૂર્તિ કાંતાબેન પોતે જ જાણે ઊપસાવતાં રહ્યાં.

અંજુબેનની વાત તો આ બેઊ વહુઓને વીંધી રહી.... 'હા હોં, લક્કડિયા ગાંઠિયા અને ચણાની દાળ તો કેવાં ફરસાં...' 'પુડિંગ-કેક તો કાંતાબેનનાં જ'.... 'હું તો સ્વેટર બનાવતાં એમની પાસે જ શીખી' '...ગળું તો કેવું મીઠું!'... સાસુનાં એક પછી એક પાસાં જેમ જેમ ઊઘડતાં ગયા તેમ તેમ વહુઓ પોતે માંડેલી બાજીમાં એક પછી એક દાવ જાણે હારતી ગઈ, બેઊના મોઢાં હાર્યા જુગારી જેવાં ઓશિયાળાં હતાં. પણ એ જોઈને કાંતાબેન માત્ર ફફડી ઊઠ્યા કે, 'હવે આ હાર્યા જુગારી ઘરે જઈને બમણું રમવાના.' અને થયું પણ એવું જ. બંને જણા પોતપોતના પિયરની સરસાઈ બતાવીને યેનકેન પ્રકારેણ કાંતાબેનને નીચાં પાડવા મચી પડ્યાં. કાંતાબેનનો કોઠો માત્ર ઠંડો.

અંજુબેન હવે કાંતાબેનને રોજ બપોરે ભજનમંડળમાં લઈ જતાં. 'ગયે વખતે હું લાવી હતી એ ગૉગલ્સ ક્યાં ગયાં ? કેટલો તડકો છે ?'

'અરે રહેવા દો અંજુબેન! ગૉગલ્સ ચઢાવીને મારે વહુઓ સામે કંઈ રણમેદાને નથી ઊતરવું અને આમેય મોનાને બહુ ગમતાં હતાં તેથી એને આપી દીધાં.' કાંતાબેનને જવાબ આપ્યો.

પહેલાં તો કાંતાબેન કેવાં સુંદર લાગતાં! લાંબો ચોટલો! આગવી ઢબે પહેરેલી, હલકી કાંજી કરેલી ગુજરાતી સાડી અને એવી જ આગવી છટાથી ગાડી ચલાવતાં. અને હવે તો કાંતાની કાંતિ જ જાણે બદલાઈ ગઈ. લાંબા વાળ ઘસાઈને કંતાઈ ગયા હતા, ઉંદરની પૂછડી જેવા. સાડલા પણ સાધ્વી જેવા પહેરે રાખે. એક દિવસ અંજુબેન પરાણે પકડીને કાંતાબેનને 'બ્યુટીપાર્લર'માં લઈ ગયા. એવા કાંઈ રંગરોગાન કે લેપલપેડા નહોતા કરાવ્યા. ઝાંખાપાંખા થઈ ગયેલા કાંતાબેનના સુંવાળા વાળને સરખા કરાવડાવી ગુચ્છેદાર પોનીટેઈલનું સ્વરૂપ આપ્યું. કાંતાબેનના પ્રૌઢત્વને વધુ ગરવો બનાવે તેવો આછો શ્રૃંગાર. કાંતાબેનનું રૂપ જ જાણે બદલાઈ ગયું. હળવો મસાજ પણ કરાવડાવ્યો. નિષ્પ્રાણ કાંતાબેનની લસલસતી કાંતિ પાછી ફરી હતી.

ચાલો, ત્યાં સુધી તો ઠીક હતું, પણ ઘરનો ઝાંપો ખોલતાં જ પેલો જૂનો જાણીતો ફફડાટ કાંતાબેનમાં પેઠો હતો. ઘરે આવીને જોયું તો ગામમાં જ જુદી રહેતી બીના આવી હતી. મોના પણ તેના રૂમમાંથી નીચે આવી. ત્રણે જણ ચા પીવા બેઠાં. કાંતાબેનની

*બહુ બહુ જોયું, બહુ બહુ ખોયું. મન આ જ્યાં ત્યાં, વળગ્યું મોહ્યું!*
*પળને પકડી એના ઝૂલે, ઝૂલીએ દઈને તાલ! પ્રફુલ્લતાની વરસે વર્ષા*
*ચાલ એમાં ન્હાઈએ.... ચાલ પ્રિયે....*

બદલાયેલી ચાલ તો બેઉ જણાને અકળાવી રહી. ચૂપચાપ ચા પીવાઈ. વારુ, પણ જેવાં કાંતાબેન ચાનો કપ મૂકવા માટે ઊંધા ફર્યાં અને કાંતાબેનની 'પોનીટેઈલ' જોઈને મોનાની કમાન છટકી અને તે પગ પછાડતી ઉપર તેના રૂમમાં જતી રહી. બીના પણ પર્સ લટકાવી, ધૂંધવાતી બહાર નીકળી ગઈ. સાસુના નવા રૂપથી અંજાઈને દાઝી ઊઠેલી વહુઓ પોતપોતાના વર પાસે બળાપો કરતી હતી. કાંતાબેન એ ધૂમાડો જોતાં રહ્યાં પણ અરીસામાં એક નવી કાંતાને જોઈને ફરી એકવાર મલકાઈ રહ્યાં એટલી વાત ચોક્કસ.

પછી તો કબાટમાં લપાયેલી સુંદર સુતરાઉ સાડીઓ બહાર નીકળી પડી. હસતાં કાંતાબેનને જોઈને વહુઓની આંબોઈ ખસી જતી. કાંતાબેન હવે ખાસ ગણકારતાં નહિ. વહુઓને નહિ ગમે એ બીકે કેટલીયે મનગમતી વાત એમણે આજ સુધી કરી નહોતી. હવે એ લોકોને સાસુનું ચઢિયાતાપણું આવતાં જતાં કઠ્યા કરતું. સાસુ ચઢિયાતી તો નહિ પણ બરાબરીની પણ હોવી ના જોઈએ. સાસુ તો ધરમ-ધ્યાન, દેવ-મંદિરમાં જ શોભે. સાસુને વળી ખાવાના શા ચટકા ને સજવાનાં શાં લટકાં ? જેમ વહુઓ માટે સાસુઓના વણલખ્યા નિયમ હોય છે તેમ સાસુઓ માટે વહુઓના અણદેખ્યા નિયમો જોવા મળે છે.

અમેરિકા જતાં જતાં અંજુબેને પોતાના ઘરે બહેનોનો ખાસ મેળાવડો રાખ્યો હતો. બધા પાછાં એકવાર ભેગાં થયાં હતાં. સહુ કાંતાબેન સામે પ્રેમાદરથી નિહાળી રહ્યાં હતાં. કોઈએ પ્રેમભાવે તો કોઈએ અહોભાવે કાંતાબેનના નવા નિખારનાં વખાણ કર્યાં. પણ એમની વહુઓનાં મોં પર ઈર્ષાનાં સાપોલિયાં સળવળી રહ્યાં, જે કાંતાબેન ચોખ્ખું જોઈ શકતાં હતાં. અંજુબેને ટેપરેકૉર્ડર પર વાગતા ભજન તરફ બધાનાં કાન દોર્યા. સંપૂર્ણ શ્રદ્ધાથી મગ્ન થઈને ગવાતું એ ભજન બધાં મુગ્ધપણે સાંભળી રહ્યાં. ભજન પુરું થયું એટલે બધાં અંજુબેનને પૂછવા લાગ્યાં, 'કોણ આ ?'.... 'આટલો મીઠો અવાજ કોનો ?' અંજુબેનના ગાલના ખાડા વધુ ઊંડા થયા અને કાંતાબેન તરફ એમણે આંગળી ચીંધી. 'હેં!' બધાં તો અચરજમાં ગરક થઈ ગયાં. પણ વહુઓનો બેડો ગરક થઈ ગયો તેનું શું ? બધાંએ ટોળે વળીને કાંતાબેનને ખુલ્લા દિલે અભિનંદન આપ્યાં. તાળીઓનો ગડગડાટ થઈ રહ્યો. બીના અને મોનાએ ખૂબ મોંઘા પરિધાન કર્યાં હોવા છતાં, એમનાં મોં પરનું નૂર અચાનક ઊડી ગયું. એમને તો અકલ્પ્ય ધક્કો વાગ્યો હતો :

'આ બે બદામડીની અમારી સાસુમાં આવું કૌવત!'.... 'યે મુંહ ઔર મસૂર કી દાલ!' એવા તેવા રંગ તેમના મુખમંડલ પર આવતા હતા.

ઘરે પહોંચતાં તો કાંતાબેનના પતિએ પણ એવાં જ આનંદાશ્ચર્ય વ્યક્ત કર્યાં. 'હેં ? આ બધું ?

'કેમ રોજ બપોરે હું અંજુબેન સાથે સત્સંગમાં નહોતી જતી ?.... આ બધું તો અંજુબેનના જ પ્રતાપે હો કે ?'....

'હા... હા સરસ. ભલે ભલે.' કહેતાં પતિદેવે પાછું એમના કામમાં માથું ખોસી દીધું. એમ તો દીકરાઓને પણ હરખ તો થયો હતો. પણ ઘરવાળીની નારાજીની બીકે એ બિચારા ખુલ્લમખુલ્લા બતાવી શકતા નહોતા. વિફરેલી વાઘણોનો ધૂંઆપૂંઆ ચહેરો જોઈને સુજાણ કાંતાબેને વિચાર્યું કે હવે આ બધાંનો શોક શો કરવો ? હવે તો ખરખરો ફોક કરવો જ રહ્યો.

અને વર્ષો પછી ફરી એક દિવસ કાંતાબેને પૂરા આત્મવિશ્વાસથી ગાડીનું સ્ટીયરીંગ હાથમાં લીધું.... આખિર જીના ઈસી કા નામ હૈ...

* * *

*અટળક પામ્યા મનભર પામ્યા, કાળને સાગર અડિંગ જામ્યા,*
*નિજમાં રાચી રાચી, જીવ્યા ધરીએ ઈતરને વ્હાલ!*

# જોખમ લેનારાઓની નિષ્ફળતાને પણ આદરથી જોવાય છે.

**- સૌરભ શાહ**

વિશ્વાસ અને હિંમત એકબીજામાંથી સર્જાય છે. પહેલા ઈંડું કે મરઘી જેવી વાત નથી અહીં. બહુ સ્પષ્ટ છે કે પ્રથમ વિશ્વાસ આવે છે ત્યાર બાદ હિંમત અને એ પછી તેઓ નિરંતર એકબીજાનું સર્જન કરતાં રહે છે. સામે પાર કોઈક ઊભું છે અને જોખમી રસ્તો ઓળંગીને તમારે ત્યાં જવું છે. તમામ સાવચેતીઓ લીધા પછી પણ તમને અકસ્માત થઈ શકે એવી પરિસ્થિતિ છે. ક્યારેક તો તમારે હિંમત બતાવવી જ પડશે. કશુંક બનશે તો સંભાળ લેવાવાળી વ્યક્તિ છે એવો વિશ્વાસ રાખીને બે છેડા વચ્ચે વહેતા નદીના પાણીને કે પછી વાહનોના ટ્રાફિકને તમારે ઓળંગવાની હિંમત કરવી જ પડશે. જેમનામાં હિંમત નથી તેઓ હંમેશાં આમ થશે તો - તેમ થશે તો ની ભાષામાં વાત કરે છે. જેમનામાં આ મૂલ્યવાન ચીજ છે તેઓ, આમ થશે તો એની સામે હું આમ કરીશ અને જો નહીં કરી શકું તો થશે ત્યારની વાત ત્યારે કહીને માનસિક જોખમરેખા ઓળંગીને આગળ ઝંપલાવે છે. જ્યારે પણ કશુંક કોઈનેય મળે છે ત્યારે આગળ કદમ કરીને ઝંપલાવ્યું હોય છે. વિચારો કરતા રહીને ત્યાં ને ત્યાં ઊભા રહી જનારાઓ ત્યાં ને ત્યાં જ ઊભા રહે છે.

જોખમ તો બધામાં જ છે. તમે કંઈ પણ કરો એમાં જોખમ રહેવાનું. કોઈને માટે બે સારી વાતો કહો તો એમાં જોખમ છે અને બીજા કોઈને માટે બે સારી વાત ન કરો તો એમાંય જોખમ છે. કોઈની ટીકા કરો ત્યારે તો જોખમ છે જ. બીજા કોઈની ટીકા ન કરો તોય જોખમ છે. નોકરી કરવાનું સ્વીકારો તો માલિક ગમે તે ઘડીએ કાઢી મૂકી શકે છે એ જોખમ પણ સ્વીકારવું પડે અને ધંધો કરો તો જિંદગીભરની મૂડી ધોવાઈ જાય અને દેવાકાર બની જાઓ એ જોખમ પણ સાથે સ્વીકારવું પડે. પ્રેમમાં પડો છો ત્યારે તરછોડાવાનું જોખમ છે અને નથી પડતા ત્યારે જિંદગી શુષ્ક બની જવાનું જોખમ છે.

તમારી સાથે નિશ્ચિત પરિણામની કોઈ જડબેસલાક ખાતરી નથી હોતી ત્યારે તમે જે પગલું ભરો છો તે જોખમ છે અને આવું જોખમ લીધાં વિના માણસ જીવી શકે જ નહીં, જો જીવી જાય તો એની જિંદગી વિશે એક જ વાક્યમાં અભિપ્રાય અપાય - યે જીના ભી કોઈ જીના હૈ!

જે ક્ષેત્રમાં હજુ સુધી કોઈએ પગ નથી મૂક્યો અથવા તો બહુ ઓછાએ એમાં પ્રવેશવાની હિંમત કરી હોય એવા ક્ષેત્રમાં કદમ માંડવાનું જોખમ લેનારાઓની નિષ્ફળતા પણ આદરથી જોવાય છે. ઘણા લોકોની કમનસીબી એ હોય છે કે એમને જોખમ લેવાની તક પણ નથી મળી હોતી. ચારે બાજુથી સુરક્ષિત કરી રાખેલા જીવનમાં આવી તક ઉદ્દભવી શકે પણ નહીં. ઊંચા ખડકની સાંકડી કિનારી પર સમતુલા જાળવવાની કોશિશ કરતો આદમી જે જોખમ લઈ શકે એ સોફાના પોચા પોચા ખોળામાં લપાઈ ગયેલી વ્યક્તિ નહીં લઈ શકે.

નિષ્ફળતાનો ડર માણસને સફળતાથી દૂર લઈ જાય છે. માત્ર ભૌતિક સફળતાની વાત નથી. કોઈ પણ કામની, કોઈ પણ નિર્ણય પછી ઉદ્દભવતી પરિસ્થિતિની વાત છે. સફળતા વિશે બહુ બધું વિચારાયું છે, તમામ પ્રકારની સફળતા વિશે દળદાર પુસ્તકો પણ છપાયાં છે. પણ નિષ્ફળતા વિશે બહુ ઓછું વિચારાયું છે. મોટાભાગના માણસો પોતાની જૂની નિષ્ફળતા વિશે વિચારતાં પણ ડરે છે, એ વિશે કશુંક કહેવાની વાત તો બાજુએ રહી. કહે છે ત્યારે એને સંઘર્ષના પડીકામાં વીંટાળીને રજૂ કરે છે, પોતાની નિષ્ફળતાને તેઓ સોનાના પાણીનો ગિલેટ ચડાવીને રજૂ કરે છે.

કોઈ એક કામમાં સતત નિષ્ફળ જતી વ્યક્તિએ થોડું આત્મપરીક્ષણ કરી લેવું જોઈએ. થોડું નહીં, ઘણું. નસીબનો, વાતાવરણનો, સંજોગોનો કે બીજા વ્યક્તિઓનો દોષ કાઢવાને બદલે દર્પણમાં જોઈ લેવું જોઈએ. ક્યારેય પોતાનો દોષ જોઈ ન શકતી વ્યક્તિ

**(અનુસંધાન પાના નં. ૨૨ ઉપર)**

*બંધન સઘળાં તોડી દઈને, વિરાટ વાટે વહીએ...*
*ચાલ પ્રિયે! આજ એને ગમતું ગાઈએ...*

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## પ્રતિષ્ઠા-દીક્ષા મહોત્સવની ચર્ચા માટે ડોંબિવલીવાસીઓની વિશેષ સભા

શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના આંગણે શ્રી મુનિસુવ્રત સ્વામી ચૌમુખજી જિનાલયની પ્રતિષ્ઠા તથા કુ. સેવી મૈશેરીની દીક્ષા મહોત્સવની ચર્ચા-મહોત્સવની જાણકારી માટે ડોંબિવલીવાસીઓની એક સભા તા. ૧૪/૫/૨૦૧૭ને રવિવારે બપોરે ૨ કલાકે શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલયે રાખવામાં આવલે છે. સર્વે ડોંબિવલીવાસીઓને વિશાળ સંખ્યામાં પધારવા વિનંતિ.

## શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમની મિટીંગ

શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ કારોબારી સભ્યોની મીટીંગ તા. ૧૨-૦૨-૨૦૧૭ને રવિવારે રાજકોટ મુકામે રાખવામાં આવી. એકમના ખજાનચી શ્રી હિરેન મહેન્દ્રભાઈ મોતાની ઉત્તર ગુજરાતની ખાલી રહેલી ઉપ પ્રમુખશ્રીની જગ્યાએ વરણી કરવામાં આવતા એકમના ખજાનચી તરીકે હાલોલના શ્રી ભાવેશ નવિનચંદ્ર ખોનાને એકમના ખજાનચી તરીકેની નિમણુકને પાસ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો.

## તીરૂપુર

તીરૂપુરમાં તા. ૨૮-૪-૨૦૧૭નાં વરસીતપના પારણા મુનીશ્રી રાજશેખરસૂરીશ્વરજીનાં ૧ લો વરસીતપ તથા મુનીશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.નો ૩જો વરસીતપના પારણાનો લાભ રૂા. ૬૧૦૦૧/-માં લઈ બડગરાનાં શ્રી વસંતભાઈ શીવજી પોલડીયાએ પારણું કરાવેલ. તેમનો ૬ઠા નાં વરસીતપના પારણાનો લાભ શ્રી તીરૂપુર જૈન સંઘને મળેલ. સૌ. લીલાબેન મદુરાઈવાલાએ પણ પારણાનો લાભ તીરૂપુર સંઘને આપેલ. સવારના ભક્તામર સાથે ઈક્ષુરસ અભિષેક, ત્યાર બાદ તપસ્વીઓ સાથે સાધુ ભગવંતો અને સાધ્વી મ.સા. સાથે શોભાયાત્રા તથા પારણા કરાવ્યા બાદ સ્વામિવાત્સલ્ય શ્રી સંઘ તરફથી રાખવામાં આવેલ.

## સાંયરા સમાચાર

સાંયરા ચૈત્ર સુદ ૭ થી ચૈત્ર સુદ પૂનમ સુધી આયંબિલ ની ઓળી માતુશ્રી ભચીબાઈ પદમશી ખીંયશી લોડાયા હસ્તે અ.સૌ. જયાબેન શાંતીલાલ લોડાયા તરફથી કરવામાં આવેલ. ઓળીમાં બે ભાગ્યશાળીઓએ પૂરી ઓળી કરેલ. ટોટલ ૩૨ આયંબિલ થયેલ. શ્રી પાલનરેશ્વરરાય વ્યાખ્યાન શ્રી સતીષભાઈ સાવલાએ વાંચન કરેલ.

ચૈત્ર સુદ ૧૩ શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણકના દિવસે વરઘોડો નીકળેલ. બપોરના સાંયરા સંઘ તરફથી સ્વામીવાત્સલ્ય જમણ થયેલ.

તા. ૯/૪/૨૦૧૭ ના શ્રી સતીષભાઈ પ્રેમજી સાવલા તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ. તા. ૧૧/૪/૨૦૧૭ ના માતુશ્રી દમયંતીબાઈ દામજી નરશી મોમાયા તરફથી સ્વામીવાત્સલ્ય જમણ થયેલ. સાંયરા શ્રી મોમાયા માતાજીની સાતમી સમૂહ પહેડીના દાતા માતુશ્રી ચંદનબાઈ વિશનજી દેવરાજ મોમાયા (પટેલ) સાંયરા હાલે ઘાટકોપરવાળા પરિવાર દ્વારા મુંબઈ મધ્યે સંવત ૨૦૭૩ ને ચૈત્ર વદ ૫ ને રવિવાર તા. ૧૬/૪/૨૦૧૭ ના રોજ આયોજિત કરવામાં આવેલ જેનું સાંયરા ગામે એજ દાતા તરફથી સ્વામી વાત્સલ્ય જમણ થયેલ.

ચૈત્ર સુદ ૧૫ ના વરસીતપ નિમિત્તે શ્રી આદિનાથ પંચકલ્યાણક પૂજા શ્રી સતીષભાઈ પ્રેમજી સાવલા તથા શ્રી લતાબાઈ લહેરચંદ મોમાયા તરફથી ભણાવવામાં આવેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમમાં થયેલ કાર્યવાહી અને ઠરાવ : વસતીપત્રક સમિતિનું સમસ્ત મહાજનમાં વિલીન થાય એ ઈચ્છનીય છે.

પશ્ચિમ એકમની તાજેતરની બેઠકમાં એકમના પ્રમુખ શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયાના વસ્તીપત્રક સમિતીની મીટીંગના પત્રને વાંચનમાં લેતા વ્યાપક ચર્ચા વિચારણા બાદ એકમના


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


સાઈકલવીર **ચિ. ચિરાગ મનોજ નવીનભાઈ મોતા** (રાયધણજર-ભાંડુપ)એ રાજ્ય સ્તરે સાઈકલીંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે રહી જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. અભિનંદન સહ શુભેચ્છાઓ.

– ચિમન મોતા • તન-મન પરિવાર


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

### પશ્ચિમ એકમ દ્વારા ટ્રસ્ટ સંચાલન વિશે સેમીનાર

ભારત ભરના ક.દ.ઓ. જૈન સમાજના ટ્રસ્ટો માટે સરકારના બદલાયેલા કાયદા અનુસાર સમાજ, સંઘ, મહાજનની ફરજો અને કાર્યશૈલી તથા ટ્રસ્ટો માટે ઈન્કમટેક્ષના કાયદાની ઉંડાણ પુર્વક સમજ માટે સેમીનારનું આયોજન તા. ૨૫-૦૬-૨૦૧૭ના વડોદરા મુકામે રાખવામાં આવે એવી નક્કી થયું. જેની રજીસ્ટ્રેશન ફી રૂા. ૫૦૦/- દરેક એકમ, મહાજન, સમાજ, સંઘ, ટ્રસ્ટ દિઠ, જેમાં બે વ્યક્તિ (પદાધીકારી) હાજર રહી શકશે. આ રજીસ્ટ્રેશન ફી ની રકમ તા. ૩૧-૦૫-૨૦૧૭ સુધી શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમના બેન્ક એકાઉન્ટમાં જમા કરવાની રહેશે.

ઉપ પ્રમુખ શ્રી તિલકચંદ જે. ખોનાની દરખાસ્ત પર ઠરાવવામાં આવ્યું કે હાલમાં શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સક્રીય છે અને આ મહાજનમાં ભારત ભરમાંથી કુલ ૨૮ ટ્રસ્ટીઓ પ્રતિનિધીત્વ કરે છે અને આ ટ્રસ્ટીઓ સમસ્ત ભારતભરના મહાજનો સાથે સીધા સંપર્કમાં છે. હાલમાં આપણી જ્ઞાતિની વસ્તીપત્રક સમિતી, જે તે મહાજનના એકમો તથા મુંબઈ મહાજનના પ્રતિનિધીઓની બનેલી હોઈ સમસ્ત મહાજન કરતા વસ્તીપત્રક સમીતીનું કદ નાનું છે અને સમસ્ત મહાજનના કાર્યક્ષેત્રમાં પણ વસ્તીપત્રકનું કાર્ય કરાવી શકાય તેમ છે. આથી ઠરાવવામાં આવે છે કે આપણી જ્ઞાતિની વસ્તીપત્રક સમીતીનું વિલિનિકરણ શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનમાં કરવામાં આવે તેવો પ્રસ્તાવ શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન તથા હાલની વસ્તીપત્રક સમિતીને મોકલવામાં આવે. આ પ્રસ્તાવને એકમના સેક્રટરી શ્રી મુકેશ માણેકજી લોડાયાએ સમર્થન આપ્યું.

## પાસ થયા અભિનંદન



**ચિ. મોનિકા યશોધરા વસંત મોતા**
લાલા (કચ્છ) - ડોંબિવલી
S.Y.B.A. (English Medium)
Sem. IV (Fourth) **55%**
S.K. Somaiya College


**રૂમ ભાડેથી (અનંતનાથ કોમ્પલેક્ષ)**

૧ રૂમ રસોડું રૂમ, અનંતનાથ કોમ્પલેક્ષ, કાંજુરમાર્ગમાં ભાડેથી આપવું છે.

સંપર્ક : **09821065709 / 08080209050**


### નમામિ મા વિદ્યાલયે

શ્રી ખેતશી ચત્રભોજ ખીંયશી અજાણી ક.દ.ઓ. જૈન વિદ્યાલયના આદ્ય વિદ્યાર્થી શ્રી મધુસુદન ચાંપાનેરિયાના સીનીયર વર્ગમાં હોવા છતાં તેમની યાદ તાજી છે. શાંત સરળ સ્વભાવ, ગૌરવર્ણી કાયા અને કોકિલ કંઠ - તેમની આગવી ઓળખ. શાળા અભ્યાસક્રમના શ્રી ગણેશ પહેલા વિદ્યાલયમાં પ્રત્યેક વર્ગના વિદ્યાર્થીઓની સામુહિક પ્રાર્થનાની પ્રણાલિકા હતી. જેમાં અવારનવાર મધુસુદનભાઈના કંઠે 'જૂનું તો થયું રે દેવળ' ખચકાયા વિના સરળ મધુર સ્વરમાં પ્રાર્થના ખંડના દરેક ખૂણે કાને પડતો અને ગાયકની આંતરિક ભાવનાનો નિશંક પરિચય થતો.

શ્રી મધુસુદન ચાંપાનેરિયાની સંસ્કારપૂર્ણ સજ્જનતા છે કે વિદ્યાલયના સેંકડો વિદ્યાર્થીઓની જેમ વિદ્યાલયને ભૂલ્યા નથી. વિદ્યાલય, સહ અધ્યાયીઓ, કાળજી અને નિષ્ઠાથી વિદ્યાર્થીઓનું ઘડતર કરતા પૂજ્ય શિક્ષક ગણ, સદા મદદ કરતા રહેતા પટ્ટાવાળા ભાઈઓ અને વિશેષમાં શાળાનો કારોબાર ચલાવતા મુરબ્બી જ્ઞાતિજનોને કેમ ભૂલાય? મુખમાંથી સહેજે હૃદયની વાત સરી પડે 'નમામિ મા વિદ્યાલયે'.

**- કાંતિલાલ કેશવજી મોતા, મુલુંડ**


**અરિહંત બેંક**
**શ્રી અરિહંત કો. ઓપ. બેંક લિ.**
Estd. 1984
(Since 34 years)

**અમો અમારી થાણા શાખાને નવા સ્થળે સ્થળાંતર કરી રહ્યા છીએ જેની અમારા માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી.**

જુનું સરનામું :
થાણા નગર વાંચન મંદિર, ૧લા માળે,
ટેમ્બી નાકા, થાણા (વે) - ૪૦૦ ૬૦૧.

**નવું સરનામું :**
**શૉપ નં. ૨-૩, ગ્રાઉન્ડ ફ્લોર,**
**શ્રી દત્ત પ્રસાદ, રામમૂર્તિ ક્રોસ રોડ,**
**ન્યૂ ઈંગ્લીશ સ્કૂલની સામે,**
**થાણા (વે) - ૪૦૦ ૬૦૨.**

**થાણા શાખા ઉપરોક્ત નવા સ્થળે તા. ૧૫ મે ૨૦૧૭થી શરૂ કરવામાં આવશે.**

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કેતન ઝવેરચંદ પોલડીયા** (PS 2998) | ૧, આર્યોદય કો.હા.સો., ગ્રાઉન્ડ ફ્લોર, કે. ડી. અગ્રવાલ હૉલની સામે, માનપાડા રોડ, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૯૮૯૨૧ ૨૦૩૨૩ |
| **ભાવેશ જીવરાજ ડાઘા** (PS 839) | ૧૦૩, અવધૂત કો.હા.સો., ૧લે માળે, જૈન કૉલોની, ગુપ્તે રોડ, શિવ મંદિરની પાછળ, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૪-૧૭ | અંજાર | ખુશી, કેતલ સમીર અતુલ મોતા | સુથરી | પુત્રી |
| ૨૫-૦૪-૧૭ | મુલુંડ | દૈવ, દિપલ દિપક નરેન્દ્ર દંડ | તેરા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૪-૧૭ | મુલુંડ | સોહીલ રાહુલ મેઘજી ધુલ્લા | સુથરી | ૨૮ |
| | મુલુંડ | તન્વી હિરેન ખીમજી મૈશેરી | મોટી સિંધોડી | ૨૬ |
| ૨૮-૦૪-૧૭ | ઘાટકોપર | જીગર કાંતિલાલ પદમશી ધુલ્લા | સુથરી | ૨૮ |
| | મસ્જીદ | જૂહી કેતન ધનજી મોમાયા | વરાડીયા | ૨૨ |
| ૨૮-૦૪-૧૭ | ડોમ્બીવલી | કલ્પેશ કીર્તિકુમાર વિરાજ લોડાયા | મોટી ખાવડી | ૨૯ |
| | ડોમ્બીવલી | અશ્વિની મહેન્દ્ર માડણ મૈશેરી | મોટી સિંધોડી | ૨૦ |
| ૨૮-૦૪-૧૭ | ઈન્દોર | વૈભવ વસંત રાયચંદ ખોના | સાંધવ | ૨૫ |
| | ઈન્દોર | મોનિકા ચેતન કલ્યાણજી મોમાયા | મોટી સિંધોડી | ૨૪ |
| ૩૦-૦૪-૧૭ | ગદગ | પ્રીત પ્રદીપ સોમચંદ ખોના | બારોઈ | ૨૬ |
| | ઉદયપુર | કાજલ અતુલ પ્રભુલાલ ખોના | મોટી ખાવડી | ૨૫ |
| ૦૪-૦૫-૧૭ | ભાંડુપ | નિમેષ ચીમનલાલ મુલજી મોમાયા | વરાડીયા | ૨૮ |
| | ઈટારસી | નમ્રતા હરીશ શીવજી લોડાયા | નલીયા | ૨૫ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૪-૧૭ | બેતુલગંજ | હર્ષકુમાર રમેશચંદ્ર મામણીયા (શાહ) | પુનડી | ૨૫ |
| | ડોમ્બીવલી | કિંજલ પરેશ વેલજી લાપસીયા | દલતુંગી | ૨૧ |
| ૦૧-૦૫-૧૭ | ડોમ્બીવલી | પ્રક્ષેશ રતીલાલ દેવજી લોડાયા | કોઠારા | ૨૭ |
| | ડોમ્બીવલી | સોનલ રાજેન્દ્ર ભાલચંદ્ર ભાવસાર | અમલનેર | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૪-૧૭ | થાણા | જયેશ ધનજી પાલાણી | કોઠારા | ૫૭ |
| ૦૪-૦૫-૧૭ | અંબરનાથ | ગોવિંદજી ચીમનલાલ મોતા | લાખણીયા | ૩૯ |

## જોખમ લેનારાઓની નિષ્ફળતાને પણ આદરથી જોવાય છે (પાના નં. ૧૯ થી ચાલુ)

સતત નિષ્ફળ થતી રહે એવી શક્યતા ઘણી વધારે. ધુમ્મસ હટાવીને સાફ નજરે આયનામાં જોતા રહેવાની ટેવ પડી હશે તો સંભવિત નિષ્ફળતાઓમાંથી બચવાના અનેક રસ્તાઓ મળી આવશે.

કોઈપણ નિષ્ફળતા પાછળ કોઈ એક જ કારણ નથી હોતું. એક જ વ્યક્તિ કે એક જ ઘટના કે એક જ વિચારનો વાંક પોતાની નિષ્ફળતા માટે કાઢવો એ બરાબર નથી. આ વ્યક્તિએ મારી સાથે આવું ન કર્યું હોત તો હું આમ કરી શક્યો હોત એવું ધારી લેવાની ઉતાવળ કરનારાઓએ વિચાર્યું નથી હોતું કે એ વ્યક્તિએ તમારી સાથે જે કર્યું તે ન કર્યું હોત તો પણ તમે અત્યારે જેવી પરિસ્થિતિમાં છો એવી પરિસ્થિતિમાં મુકાઈ ગયા હોત. જેમ તમારી સફળતાઓમાં તમારા નિષ્ફળતાઓમાં પણ બીજાઓ ઉપરાંત તમારો પોતાનો ફાળો પણ રહેવાનો જ. કેટલા ટકા એની ગણતરીની માથાકૂટ જવા દઈએ અને સરળતા ખાતર કહીએ તો ફિફ્ટી ફિફ્ટી.

# મુંબઈમાં યોજાયેલ ક.દ.ઓ.સંત શિરોમણી શ્રી ભલારાદાદાની સમૂહ પહેડીમાં ૫૫૦૦થી વધુ ભાવિકો ચઢતા ભાવે સહભાગી થયા



દીપ પ્રાગટ્ય કરી રહેલ ટ્રસ્ટી શ્રી જયંતભાઈ સોની



દાદાની પ્રતિમાને ફુલની માળા ચડાવી રહેલા ટ્રસ્ટીશ્રીઓ



કળશ સ્થાપના કરી રહેલ ટ્રસ્ટી શ્રી કિરીટભાઈ લાપસીયા



નવનિર્વાચીત નગરસેવિકા નેહલબેન ખોનાનું સન્માન કરી રહેલા જસ્મીનબેન છેડા



મુમુક્ષુ ભાવીબેનનું અનુમોદના કરી રહેલ ટ્રસ્ટીગણ



સમુહ દિવડા આરતીની ઝલક



ગોવિંદભાઈ પટેલ પરિવારનું સન્માન કરી રહેલ ટ્રસ્ટીશ્રી જયંતભાઈ સોની

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિના સંત શિરોમણી શ્રી ભલારાદાદાની દર વર્ષે ગુડી પડવાના શુભ પર્વે ચૈત્ર સુદ એકમના મુંબઈમાં શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા યોજાતી સમૂહ પહેડી આ વર્ષે બુધવાર તા.૨૯-૩-૨૦૧૭ના મુલુંડ કાલિદાસ ઓપન ગ્રાઉન્ડમાં યતિવર્ય પ.પૂ.મોતીસાગરજીની નિશ્રામાં યોજાઈ હતી. જેમાં ચઢતા ભાવે ૫૫૦૦થી વધુ ભાવિકો સહભાગી થયા હતા.

આ વર્ષની પહેડી મુંબઈમાં યોજાતી ૨૯મી સમુહ પહેડી હતી. જેમાં ગાયક કલાકાર ઉત્તમભાઈ છેડા અને સાથી કલાકારોએ ભજનની ભક્તિ ગીતોની રમઝટ જમાવી હતી. ઉત્તમભાઈ છેડાએ દાતાઓને પ્રોત્સાહિત કરતા અને પહેડીનું મહત્વ સમજાવતા મુંબઈમાં યોજાનારી આગામી ત્રીસમી સમૂહ પહેડીના ૧૫ દાતાશ્રીઓના નામો ભાવપૂર્વક તરત જ નોંધાઈ ગયા હતા. પહેડીની વિધીના પ્રારંભમાં સમૂહ પહેડીના ૧૬ દાતાશ્રીઓ વાજતે ગાજતે પહેડી પ્રસાદ માથે ધરી ભલારાદાદાના સજાવેલા મંડપ પાસે એક-એક કુટુંબરૂપે પધાર્યા. દરેક દાતા પરિવારે પોતાની પહેડી ચઢતા ભાવે ભલારાદાદાને અર્પણ કરી હતી. આ પહેડી પ્રસંગે દિક્ષાર્થી મુમુક્ષુ ભાવિબેન લોડાયા અને તેમનો પરિવાર તેમજ તાજેતરમાં વડાલામાંથી ભાજપના ઉમેદવાર તરીકે મોટી બહુમતીથી નગરસેવિકા ચુંટાયેલા શ્રીમતી નેહલબેન અમર ખોના અને પરિવાર, દાદાના આર્શીવાદ મેળવવા પધાર્યા હતા, તેમનું ભાવપૂર્વક સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાજનના અને સંસ્થાઓના પદાધિકારીઓ પણ દાદાની સમૂહ પહેડીના દર્શને આવ્યા હતા.

આ પ્રસંગે લાલપુર ખાતે લગભગ તૈયાર થઈ ગયેલા અને વપરાશમાં આવી ગયેલા નૂતન આતિથીગૃહ અને વિવિધલક્ષી સંકુલના નિભાવ માટે વ્યક્તિદિઠ રૂા.૩૬૦૦૦ના નકરા નોંધાવવાની ટહેલને પણ સારો પ્રતિસાદ મળ્યો હતો.

પહેડી ચઢાવતી વખતે થયેલ મુખ્ય આરતી ઉપરાંત રાત જામે તે વખતે દરવર્ષે યોજાતી દિવડા આરતી એ અનુપમ દૃશ્ય ખડું કર્યું હતું. પ્રસાદની વ્યવસ્થા માટે ધનરાજ કેટરર્સનો ઉમળકાભર્યો સહકાર્ય મળ્યો હતો. વ્યવસ્થા શ્રી ક.દ.ઓ.સર્વોદય મંડળ-મુલુંડ, શ્રી અનંત મિત્ર મંડળ-ભાંડુપ તેમજ ભલારા પુનમ મંડળના સ્વયંસેવકોએ સંભાળી હતી. આ વરસનું વિશેષ આકર્ષણ એ હતું કે હોમમુવી કેબલ દ્વારા ભલારાદાદાના પહેડી કાર્યક્રમનું જીવંત પ્રસારણ મુલુંડ ઉપરાંત થાણા, બાન્દ્રા સુધીના વિસ્તાર તેમજ છેક ઔરંગબાદ સુધી પોતાની નેટવર્ક જ્યાં સુધી ફેલાયેલ હોય ત્યાં સુધીના વિસ્તારને આવરીને કરાયું હતું. સમાપન કરતા ભલારાદાદા લાલપુર ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ સર્વ દાતાઓ તેમજ સહકાર આપનારાઓ અને વ્યવસ્થા જાળવનારાઓનો ભાવપૂર્વક આભાર માન્યો હતો.

**આગામી વર્ષ ૨૦૧૮માં થનારા ૩૦મી સમૂહપહેડીના દાતાશ્રીઓ**

માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ મોતા પરિવાર (લાખણીયા-વડાલા)
માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર (રવા-ચેમ્બુર)
માતુશ્રી માલતીબેન જયંત ભવાનજી સોની પરિવાર (સુથરી-જુહુ)
માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર (રાપરગઢવારી/ઘાટકોપર)
માતુશ્રી રાજબાઈ પદમશી મોતા-હસ્તે જયશ્રી ભરત મોતા (કુવાપધર-હૈદ્રાબાદ)
માતુશ્રી બાયાબાઈ શામજી મોતા પરિવાર (નલિયા-લોનાવલા-મુંબઈ)
માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લોડાયા પરિવાર-હસ્તે કલ્પના સોમચંદ લોડાયા (આરીખાણા-મુલુંડ)
માતુશ્રી નવલબેન મંગલભાઈ ખોના પરિવાર (ધનરાજ કેટરર્સ) (કોઠારા-મુલુંડ)
માતુશ્રી શાંતાબાઈ પાશુભાઈ લોડાયા પરિવાર (મોટી ખાવડી-મુલુંડ)
શ્રીમતી પીંકીબેન કમલેશ ધરમશી (જસાપર-ભાંડુપ)
માતુશ્રી વિજયાબાઈ કુંવરજી હરસી લોડાયા પરિવાર (રાપરગઢવાળી-ભાંડુપ)
માતુશ્રી વિજયાબાઈ રતિલાલ લોડાયા પરિવાર હસ્તે ખુશાલ અને લહેરચંદ (બાંઢિયા-નાસિક)
માતુશ્રી મણીબાઈ નવીનચંદ્ર મોતા પરિવાર હસ્તે ઉલ્લાસભાઈ (રાયધણજર)
માતુશ્રી મણીબાઈ વાલજી ગોવિંદજી ખોના (શાહ) પરિવાર (સાંધવ/ઘાટકોપર)

આગામી પહેડી માટે વધુ દાતાશ્રીઓ આવકાર છે, ઈચ્છુકોએ મોબાઈલ નં.૯૮૨૦૮૬૯૭૦૮

# મુંબઈમાં યોજાયેલ ક.દ.ઓ.સંત શિરોમણી શ્રી ભલારાદાદાની સમૂહ પહેડીમાં ૫૫૦૦થી વધુ ભાવિકો ચઢતા ભાવે સહભાગી થયા



માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ મોતા પરિવાર (લાખણીયા-વડાલા)



માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર (રવા-ચેમ્બુર)



માતુશ્રી માલતીબેન જયંત ભવાનજી સોની પરિવાર (સુથરી-જુહુ)



માતુશ્રી બાયાબાઈ શામજી મોતા પરિવાર (નલિયા-લોનાવલા-મુંબઈ)



માતુશ્રી લક્ષ્મીબેન વેલજી વેરશી લોડાયા પરિવાર-હસ્તે કલ્પના સોમચંદ લોડાયા (આરીખાણા-મુલુંડ)



માતુશ્રી નવલબેન જીવરાજ લોડાયા-હસ્તે હરખ ચંદ્રેશ લોડાયા (બાંઢિયા-નાસિક)



માતુશ્રી નવલબેન મંગલભાઈ ખોના પરિવાર (ધનરાજ કેટરર્સ) (કોઠારા-મુલુંડ)



માતુશ્રી રતનબાઈ મણીલાલ ચત્રભુજ નાગડા પરિવાર (કોઠારા-મુલુંડ)

# મુંબઈમાં યોજાયેલ ક.દ.ઓ.સંત શિરોમણી શ્રી ભલારાદાદાની સમૂહ પહેડીમાં ૫૫૦૦થી વધુ ભાવિકો ચઢતા ભાવે સહભાગી થયા



માતુશ્રી રતનબાઈ ત્રીકમજી મોતા પરિવાર-હસ્તે પ્રફુલભાઈ (સુથરી-મુલુંડ)



માતુશ્રી વિજયાબાઈ રતિલાલ લોડાયા પરિવાર (બાંઢિયા-નાસિક)



માતુશ્રી વિજયાબાઈ કુંવરજી હરસી લોડાયા પરિવાર (રાપરગઢવાળી-ભાંડુપ)



શ્રીમતી સરલાબેન રમણીકલાલ હરીયા પરિવાર (રાજા એન્ડ રાજા વોટર પ્રુફિંગ) (હાલાપુર-ઘાટકોપર)



શ્રીમતી પીંકીબેન કમલેશ ધરમશી (જસાપર-ભાંડુપ)



માતુશ્રી રાજબાઈ પદમશી મોતા-હસ્તે જયશ્રી ભરત મોતા (કુવાપધર-હૈદ્રાબાદ)



માતુશ્રી શાંતાબાઈ પાશુભાઈ લોડાયા પરિવાર (મોટી ખાવડી-મુલુંડ)



માતુશ્રી ઝવેરબાઈ ધનજી ધરમશી (સુથરી-જહુ)/માતુશ્રી વિજયાબાઈ વિરેન્દ્રભાઈ લોડાયા પરિવાર (બાંઢિયા-અમદાવાદ)

## કાંજુરમાર્ગ નગરે અનંતનાથ કૉમ્પલેક્ષ ખાતે ગૃહચૈત્ય પ્રતિષ્ઠા પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવ






## મોટી સિંધોડી ખાતે શ્રી નેમિનાથ દાદા જિનાલયની ૬૨મી વર્ષગાંઠ ઉજવણી






|| આર્યરક્ષિત-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગર-કવીન્દ્રસાગર-વિરભદ્રસાગર-મહોદયસાગરસૂરી સદગુરૂભ્યો નમ: ||

સવંત : ૨૦૭૩ || શ્રી આદિનાથાય નમો નમ: || સન : ૨૦૧૭



# શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫. ● ફોન: ૦૨૮૩૧-૨૮૨૩૧૮

તા. ૦૩-૦૫-૨૦૧૭

## સાંયરા તીર્થે પર્યુષણ પર્વે પધારવા ભાવભર્યું આમંત્રણ...

ધર્માનુંરાગી સ્નેહી સ્વજન,

સુવર્ણ વર્ષીતપના આરાધક, અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**, સાહિત્ય દિવાકર **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**, શાસન પ્રભાવક **પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**, જ્યોતિષાચાર્ય **પ.પૂ.આ.ભ. શ્રી વિરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**, આગમાભ્યાસી **પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** ની દિવ્યકૃપા તથા સાંયરાના જિનશાસનના શ્રમણીરત્ન પ.પૂ.સા. ભગવંતના શુભઆશિષ. પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની માદરે વતનમાં શ્રી આદિનાથ દાદાની છત્રછાયામાં **શ્રાવણ વદ-૧૩ શનિવાર, તા. ૧૯-૮-૨૦૧૭ થી ભાદરવા સુદ-૬ રવિવાર, તા. ૨૭-૮-૨૦૧૭**માં ભવ્યાતિભવ્ય ઉજવણી કરવા સૌ સાંયરાવાસી અને નિયાણી બહેનોને સહપરિવાર ધર્મની આરાધના કરવા સાંયરા નગરે પધારવા સાંયરા મહાજન સંઘનું સ્નેહભર્યું નિમંત્રણ છે.

પર્યુષણ પર્વના મહોત્સવનો ઉજવણીના વિવિધ કાર્યક્રમ ભકતામર સ્ત્રોત, તપસ્વી બહુમાન, સામુહિક ક્ષમાપના, કલ્પસુત્રની રથયાત્રા, પુજન, મહાકાળી ભાવના રોજ રાત્રે સંગીતમય સુરાવલી સાથે આયોજન કરેલ છે.

આ પર્યુષણને મહોત્સવને સફળ બનાવવા **ડાયમંડ દાતાશ્રી રૂા. ૧૧,૦૦૦/-**, **ગોલ્ડન દાતાશ્રી રૂા. ૫,૦૦૦/-**, **સિલ્વર દાતાશ્રી રૂા. ૩,૦૦૦/-**ના પૂણ્યશાળી દાતાશ્રી બનવાનો અનેરો અવસર આવ્યો છે. આપની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવા દાતાશ્રી બનવા આપના નામ ધાર્મિક સમીતીને લખાવવા નમ્ર વિનંતી છે.

**લી. શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ ● ધાર્મિક સમીતીના જયજિનેન્દ્ર !**

**-: સંપર્ક સેતુ :-**

| | | |
|---|---|---|
| શ્રી રતિલાલ ધ્રોળ - ૦૯૮૨૦૮ ૬૫૮૦૬ | શ્રી દિનેશ પટેલ - ૦૯૮૨૦૬ ૭૮૦૫૧ | શ્રી કાંતિલાલ સોની - ૦૯૩૨૧૧ ૬૩૮૧૧ |
| શ્રી હીરાચંદ શાહ - ૦૯૮૧૯૧ ૭૦૪૭૦ | શ્રી જવેરચંદ લોડાયા - ૦૯૮૩૩૦ ૨૬૬૦૨ | શ્રી વીરચંદ લોડાયા - ૦૯૯૭૮૫ ૪૯૫૩૬ |
| શ્રી બિપીન મોમાયા - ૦૯૮૨૦૧ ૮૮૮૨૬ | શ્રી પદમશી લોડાયા - ૦૯૯૩૦૮ ૦૫૦૦૫ | |

UPASANA - 9820167767

## પ.પૂ. અચલગચ્છાધિપતિ અન્ય આચાર્યો અને સાધુ-સાધ્વી આદિઠાણા સાથે પ્રાણપ્રતિષ્ઠાના દોઢ દાયકા પછી અનંતનાથ જિનાલય મસ્જિદ બંદર પધારતા સમગ્ર જ્ઞાતિમાં હર્ષોલ્લાસ













**ભાવિબેન બન્યા**
**પ.પૂ.સા.શ્રી**
**અર્હમયશાશ્રીજી મ.સા.**






**રૂડા રાજમહેલને**
**ત્યાગી ડોંબિવલીના**
**મુમુક્ષુ સેબીબેન**
**ચાલ્યા થવા**
**વૈરાગી**


OUR MISSION IS YOUR HEALTH
WE CARE
Sheth Shri Narshi Natha Medical Trust




# હાર્દિક અભિનંદન

શ્રી ભૂપેન્દ્રભાઇ મુરજી દંડ (લાખણીયા-નવી મુંબઇ)
ભૂમિરાજ કન્સ્ટ્રક્શન
**ટાઇમ્સ રીયલ્ટી આયકોન - ૨૦૧૭**
લાઇફ ટાઇમ એચીવમેન્ટ એવોર્ડ

આપને પ્રાપ્ત થતા અમે ગર્વની લાગણી અનુભવીએ છીએ
સદાય આપની કારકિર્દિ ઉજ્જવળ અને ચિરંજીવી રહે એવી શુભેચ્છા !

શુભેચ્છક

## શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (વરાડીયા-માટુંગા) - ચેરમેન તથા ટ્રસ્ટીશ્રીઓ

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (08-05-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# આંખના નિષ્ણાત ડૉ. હર્ષ મેપાણીએ કૌટુંબિક સેવા પરંપરા આગળ વધારતા ગાંધીધામમાં આંખની અતિ આધુનિક આરોગ્ય સેવા ઉપલબ્ધ કરાવી.






આંખના નિષ્ણાત **ડૉ. હર્ષ મેપાણી** DOMS/FCPS (Ophthal)

**Mob.: 09879574340**

દાદા હીરાચંદ મેપાણી અને પિતા દીપક મેપાણીની સેવા પરંપરા આગળ ધપાવતા કચ્છની વિવિધ સેવા સંસ્થાઓની મદદરૂપ થતા આવ્યા છે.

હવે તેમણે કચ્છના લોકોને આંખના આરોગ્ય અને સારવારની શ્રેષ્ઠ સુવિધા ઉપલબ્ધ કરાવવા ગાંધીધામમાં વાયબ્રન્ટ નામે એક આય ક્લીનિક શરૂ કર્યું છે. તેમનું સૂત્ર છે માત્ર સારવાર નહીં પૂર્ણ કાળજી !

**ડૉ. હર્ષ અને પરિવારને જ્ઞાતિ વતિ પ્રકાશ સમીક્ષા સમિતિના અભિનંદન.**




| | | |
|---|---|---|
| શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા | શ્રી કલ્પેશભાઇ માણેકજી મોતા | શ્રી દીપકભાઇ ભવાનજી લોડાયા |
| (વરાડીયા-માટુંગા) | (રાપર ગઢવારી-ઘાટકોપર) | (સાંચરા-ડોંબિવલી) |
| મે. અંબા શિપિંગ એજેન્સી | મે. જશ મર્કેન્ટાઇલ્સ | મે. રામાપીર ડેવલોપર્સ |

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,